# ભારે થી અતિ ભારે વરસાદની આગાહી : તા.૨૩.૦૮.૨૦૨૪

| | |
|---|---|
| તારીખ<br>૨૬ થી ૨૮<br>ઓગષ્ટ<br>૨૦૨૪ | ભારત સરકાર શ્રીના હવામાન વિભાગના ગુજરાત કેન્દ્ર દ્વારા પ્રસારિત આગાહી મુજબ ગ્રામીણ કૃષિ મૌસમ જુ.કૃ.યુ., તરઘડીયાના ટેકનીકલ ઓફિસર વી.ડી.વોરાના જણાવ્યા અનુસાર તા.૨૬.૦૮.૨૦૨૪ થી તા.૨૮.૦૮.૨૦૨૪ : દરમ્યાન સૌરાષ્ટ્રના રાજકોટ, જામનગર, સુરેન્દ્રનગર, ભાવનગર, અમરેલી, જુનાગઢ, પોરબંદર, ગીરસોમનાથ બોટાદ ,મોરબી, અને દ્વારકા જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ ભારે થી અતિ ભારે વરસાદની સંભાવના છે.<br>ભારે વરસાદને કારણે<br>• નદી નાળાઓમાં ભારે પુર આવવાની શક્યતા રહે.<br>• નદી કાંઠાની જમીનનું ધોવાણ થવાની શક્યતા રહે.<br>• નીચાણવાળા વિસ્તારમાં પાણીનો ભરવો થાય.<br>• શહેરોમાં અન્ડર બ્રિજમાં પાણી ભરાય જવાની શક્યતા રહે.<br>• કાચા મકાનો પડવાની શક્યતા રહે.<br>• વૃક્ષો તૂટી પડવાની શક્યતા રહે.<br>• ખેતીવાડી પાકોને નુકશાન થાય.<br>**ઉપરોક્ત વરસાદની આગાહીને ધ્યાનમાં રાખીને**<br>• ખેતરના નીચાણવાળા વિસ્તારમાં ભરાયેલ પાણીનો તત્કાલ નિકાલ કરવાની વ્યવસ્થા કરવી.<br>• પાણીનો ભરાવો થતો હોય તેવા વિસ્તારમાં જવાનું ટાળો.<br>• તૈયાર ખેતપેદાશ અને પશુઓને સલામત જગ્યાએ રાખવા.<br>• આ સમય દરમ્યાન ઉભાપાકમાં કોઇપણ પ્રકારની દવાઓ તેમજ ખાતરોનો છંટકાવ કરવો નહિ.<br>• બાગાયતી ફળઝાડ અને શાકભાજી પાકોને નુકશાન ઓછું થાય તે માટે ટેકા આપવા.<br>• આ સમય દરમ્યાન ખેત પેદાશ માર્કેટિંગ યાર્ડમાં વેચાણ માટે લઇ જવી નહિ.<br>• મરઘા ઘરમાં વરસાદનું પાણી પડે નહિ તેની તકેદારી રાખવી.<br>• માછીમાર ભાઈઓએ દરિયામાં જવું નહિ.<br>• પ્રભાવિત વિસ્તારમાં નાગરીકોએ ઘરની બહાર નીકળવું નહિ.<br>• નીચાણવાળા વિસ્તારમાં અને કાચા મકાનમાંથી લોકોએ સલામત સ્થળે ખસી જવું.<br>• નદીના પટમાં જવું નહિ.<br>• પશુઓને ખીલ્લે બાંધવા નહિ તેમજ નદી કે તળાવના પટમાં રાખવા નહિ. |

## હવામાન આગાહી આધારિત કૃષિ સલાહ :

| જીલ્લો | પાક | પાક અવસ્થા | પાક ઉપર સંભવિત | કૃષિસલાહ |
|---|---|---|---|---|
| સૌરાષ્ટ્રના અમરેલી રાજકોટ, જામનગર, સુરેન્દ્રનગર અને દ્વારકા જીલ્લાઓમાં ઓરેન્જ અને યેલો એલર્ટ | **કપાસ** | ચાપવા, ફૂલ અને ઝીન્ડવા | • ફૂગ જન્ય રોગનો ઉપદ્રવ થવાની સંભાવના<br>• લાંબો સમય પાણી ભરાય રહેવાના કારણે છોડ સુકાય શકે.<br>• ધીમો વિકાસ થાય | • **વરસાદના પાણીના નિકાલની વ્યવસ્થા કરવી.**<br>• **વરસાદનો રાઉન્ડ પૂરો થયા પછી કપાસમાં એમોનિયમ સલ્ફેટ અને મ્યુરેટ ઓફ પોટાશ દરેક 30 કી.ગ્રા./હે. પુરતી ખાતર તરીકે આપવું.**<br>• **અલ્ટરનેરઆ ફૂગનો રોગ લાગે નહિ તે માટે મેન્કોઝેબ ૨૭ ગ્રામ ૧૦ લીઅતા પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો.** |
| | **મગફળી** | સુયા અને પોપટા | • ઉભા પાકમાં ફૂગ જન્ય રોગના ઉપદ્રવની સંભાવના<br>• સતત પાણી ભરવાના કારણે મગફળી પીળી પડવાની શક્યતા રહે. | • **વરસાદના પાણીના નિકાલની વ્યવસ્થા કરવી.**<br>• **સરકોસ્પોરા ફૂગનો પાનના ટપકાનો રોગ લાગે નહિ તે માટે ટેબ્યુંકોનાઝોલ ૧૮.૩ ૧૦ મિલી ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો.** |
| | **તલ** | ફૂલ અને બૈઈઢાં બેસવા | • ઉભા પાકમાં ફૂગ જન્ય રોગના ઉપદ્રવની સંભાવના<br>• ભારે પવન અને વરસાદથી ઢાળી જવાની શક્યતા | • **ફૂગનો પાનના ટપકાનો, કાળીયો અને ભૂકી છારાના રોગ લાગે નહિ તે માટે રીડોમિલ ૨૦ ગ્રામ ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો.** |
| | શાકભાજી પાકો | ફૂલ અને ફળ | • ઉભા પાકમાં ફૂગ જન્ય રોગના ઉપદ્રવની સંભાવના<br>• સતત પાણી | • **વરસાદના પાણીના નિકાલની વ્યવસ્થા કરવી.**<br>• **વરસાદનો રાઉન્ડ પૂરો થયા પછી એમોનિયમ સલ્ફેટ અને મ્યુરેટ ઓફ પોટાશ દરેક 30** |

| | | | | |
|---|---|---|---|---|
| | | | ભરાવાના કારણે છોડ પીળો પડી સુકાવા લાગે.<br>• વૃદ્ધિ અને વિકાસ રૂંધાય | **કી.ગ્રા./હે. આપવું.**<br>• **તળછારાની ફૂગનો રોગ લાગે નહિ તે માટે મેન્કોઝેબ ૨૭ ગ્રામ ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો .** |


V.D. Vora

&

M.H.Ghadia

AMFU-JAU-Targhadia